
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનંદ પ્રકાશ



આત્મ સં. ૮૮ (ચાલુ) વીર સં. ૨૫૦૯
વિક્રમ સંવત ૨૦૩૯ ચૈત્ર

## : શ્રી મહાવીર જિન સ્તવન :

લે. પ. પૂ. આનંદઘનજી મ. સા.

૧ વીર જિનેશ્વર ચરણે લાગું, વીરપણું તે માગું રે,
મિથ્યા મોહ તિમિર ભય ભાગું, જિત નગારૂં વાગ્યું રે વીર.
૨ છઉમથ્ય વીરજ લેસ્યા સંગે, અભિસંધિજ મતિ અંગેરે,
સુક્ષ્મ થૂલ ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગેરે વીર.
૩ અસંખ્ય પ્રદેશે વીર્ય અસંખો, યોગ અસંખિત કંખે રે,
પુદ્‌ગલ ગણ તેણે લેશુ વિશેષે, યથાશક્તિ મતિ લેખેરે વીર.
૪ ઉત્કૃષ્ટે વીરજને વેસે, યોગ ક્રિયા નવી પેસે રે,
યોગતણી ધ્રુવતાને લેસે, આતમ શક્તિ ન ખેસેરે વીર.
૫ કામ વીર્ય વશે જેમ ભોગી, તેમ આત્મ થયો ભોગી રે,
સૂરપણે આતમ ઉપયોગી, થાય તેહ અયોગીરે વીર.
૬ વીરપણું તે આતમ ઠાણે, જાણ્યું તુમચી વાણે રે,
ધ્યાન વિનાણે શક્તિ પ્રમાણે, નિજ ધ્રુવ પદ પહિચાણેરે વીર.
૭ આલંબન સાધન જે ત્યાગે, પર પરિણતિને ભાગે રે,
અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે, આનંદઘન પ્રભુ જાગે રે વીર.

( અનુસંધાન પેજ ૧૧૦ )

પુસ્તક : ૮૦ ] એપ્રિલ : ૧૯૮૩ [ અંક : ૬

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | મનની અવળાઈ | 'કવિ' | ૧૦૧ |
| ૨ | પ્રભુ મહાવીરસ્વા સમવસરણની રચના | પૂ૦ ગુણચંદ્ર ગણિ, | ૧૦૨ |
| ૩ | મનવો ચંડાળ | — | ૧૦૪ |
| ૪ | સુખદ વિસ્મૃતિ | અનુ. પી. આર. સલોત, | ૧૦૬ |
| ૫ | અદ્‌ભુત ઔષધિ | — | ૧૦૭ |
| ૬ | શાન્ત સુધારસ | રચયિતા પૂ૦ ઉપા. શ્રી વિનયવિજયજી મ.સા | ૧૦૮ |
| ૭ | આઠ દૃષ્ટિઓ | મુનિશ્રી હરિભદ્રસાગરજી મ૦ સા. | ૧૧૧ |
| ૮ | જૈન ધર્મની બાળપોથી | પંન્યાસ પૂર્ણાનંદ વિજય ( કુમારશ્રમણ ) | ૧૧૩ |
| ૯ | મન | રતિલાલ માણેકચંદ શાહ | ૧૧૬ |



હું સાગર કિનારે બેઠો હતો. અનંત જળરાશી પર ડોલતી એક નૌકા પર મારી નજર પડી. ધ્યેય હીન ડોલતી નૌકા જોઈ મને પણ જીવન સાંભરી આવ્યું. જીવન પણ નૌકા જેવું છે ના....? બંદરનો નિર્ણય કર્યા વિના જે જીવન નૌકા લંગર ઉપાડે છે, અને અનંત સંસાર સાગરમાં ઝંપલાવે છે, તેના માટે વિનાશ જ નિશ્ચિત છે, તેમ પછી સંસાર સાગરમાં જ ભમ્યા કરે છે....

અહિંસા જેવી શક્તિશાળી વસ્તુ દુનિયા ભરમાં કોઇ નથી આ ત્રણ અક્ષરમાં તે કેવું હૈવત ભર્યું છે કે જગતની સર્વ સુંદર ભાવનાઓ આમાંથી જન્મે....? અહિંસા ઉપર આખી દુનિયાનું મંડાણ....? પ્રેમ આમાથી જન્મે, વિશ્વ વાત્સલ્ય આમાંથી જાગે, અને વિશ્વોદ્ધારની ભાવના પણ આમાંથીજ ઉદ્‌ભવે....? અહિ અહિંસાનું કેવું અમુલખ મહાતમ્ય....

## આર્ષવાણી

✠ જેને કોઈ પણ મિત્ર નથી અને કોઈ પણ શત્રુ નથી, જેને કોઇ પોતાનો નથી કે કોઇ પરાયો નથી, જેનું મન કષાયથી મુક્ત છે અને ઇંદ્રિયાદી વિષયોમાં અનાસક્ત છે એ વ્યક્તિ શ્રેષ્ઠ યોગી છે.

✠ પાપનો વિચાર કર્યા વિના જ તું જેનું નિત્ય પોષણ કરે છે એ શરીર શું તને સદાકાળ ઉપયોગમાં આવશે ? શરીરરૂપી ધૂર્ત તો જગતમાં દરેકને છેતરે જ છે!

✠ કષાય કરવાથી તને કેટલું સુખ થાય છે અને કષાય છોડવાથી કેટલું સુખ થાય છે એના તફાવતતો વિચાર કરીને બેમાંથી એકની પસંદગી કરી લે.

✠ તપ કરવો તો ઘણો સરળ છે પણ માન છોડવું તો જરાયે સહેલું નથી માત્ર તપ તપવાથી મોક્ષપ્રાપ્તિ નથી થતી મોક્ષપ્રાપ્તિ તો માનના ત્યાગથી થાય .

For Private And Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

491

## સંસ્થાના નવા પેટ્રન સાહેબ

# શ્રેષ્ઠીવર્ય શ્રી અનંતરાય ગીરધરલાલ શાહની

## જીવન ઝરમર



ભાવનગર પાસે જસપરા નામનું ગામડું. ત્યાંના વતની શ્રી ગીરધરલાલ જીવણલાલ નાનપણથીજ મુંબઈ આવેલા. શુન્યમાંથી સર્જન કરી મખમલ, ગરમકાપડ વિગેરે ટોપીમાં વપરાતા માલના મોટા વેપારી તરીકે ખ્યાતનામ બન્યા. તેમની દુકાન મુંબઈમાં પારસીગલ્લીમાં, જ્ઞાતિમાં, સંઘમાં દરેક કાર્યમાં આગેવાની ધરાવતા એનો પડકાર તો જાણે સીંહની ગર્જના. સચ્ચાઇ અને નિડરતાથી ગમે તેને સાચું કહેતા અચકાય નહીં. કોઇ પણ દુઃખી કે દરદી જોઇને હૈયું દ્રવી ઉઠે અને તેનું દુઃખ દુર કરે–ત્યારે જ એને નીરાંત વળે ગીરધરભાઇ અને ગજરાબેનને ત્યાં ૧૯૪૨ના ઓગસ્ટની ૪ તારીખે મુંબઈમાં શ્રી અનંતરાયભાઇનો જન્મ થયો બાળ વયથી જ બુદ્ધીશાળી અને અભ્યાસમાં ખંતિલા હતા મેટ્રીક સુધી અભ્યાસ કર્યો પણ મન તો વેપારમાં જ મહાલ હતું. પીતાશ્રી ગીરધરભાઈ સાંજને સમયે મહાવીરસ્વામીને દેરાસરે દર્શન કરવા ગયા ભાવપુર્વક દર્શન કરી નીચે ઉતર્યાને પગથીયા પાસે જ પડીગયા. ઘરે લાવ્યા બાદ સ્વર્ગે સીધાવ્યા. ૧૫/૧૬ વર્ષની કુમળી વયે માથે આવી પડેલ જવાબદારી દુકાનનો, ઘરનો કુટુંબનો કારભાર સંભાળી લીધો, વેલવેટની લાઇનના વેપારી ઉપરાંત એક મોટા ઉદ્યોગપતીની ગણત્રીમાં મશહુર બન્યા અત્યારે ચાર ચાર મીલોમાં ડાયરેકટર છે. તેઓ ધંધામાં પ્રવિણ છે તેવા જ સેવાના ક્ષેત્રે પણ કાર્યશીલ છે, ગુપ્તદાન દ્વારા લેનારનું ગૌરવ સાચવીને નિરભિમાન પણે સીદાતા સ્વામીભાઈઓની અપૂર્વ સેવા કરી રહ્યા છે.

તાલધ્વજ વિદ્યાર્થીગૃહમાં માનદ્ મંત્રી તરીકે, શ્રી ઘોઘારીવિશા શ્રીમાળી જ્ઞાતિમાં માનદમંત્રી તરીકે, શ્રી ઘોઘારી જૈન દવાખાનામં ટ્રસ્ટી તરીકે, તેમજ નાની મોટી અનેક સંસ્થામાં ત્રિવિધા સેવા અર્પણ કરી રહ્યા છે. કેળવણી ક્ષેત્રે માતૃભુમી જસપરામાં એમના તરફથી હાઈસ્કુલનું નિર્માણ થયેલ છે, ધાર્મીકક્ષેત્રે ભાવનગરમાં શાસ્ત્રીનગરમાં જિનમંદિરનું ખાતમુહુંત–શિલાસ્થાપન, એમના હાથે થયેલ છે. એકદેરીમાં પાંચ પ્રતિમાજી એમના પરિવારે બિરાજમાન કરી મહાન લાભ લીધો છે. એમના ધર્મપત્ની અ.સૌ.–દીનાબેન પણ દરેક કાર્યમા પૂરતો સહકાર આપી પોતાનો ધર્મ બજાવી રહ્યા છે. એમને ૧ પુત્ર અને ત્રણ પુત્રીઓ છે. પૂજા પ્રતિક્રમણ સામાયીક તથા તપજપમાં પૂરતો રસ લે છે,

ભાઈ અનુભાઇની શાંતિથી સમજાવવાની રીત કુશાગ્ર બુદ્ધી, પરોપકાર દ્વારા પ્રભાવશાળી બન્યા છે. ઉત્તમ સંસ્કારી પુસ્તકો વાંચવાનો અને સ્વાધ્યાય કરવાનો એમને ખૂબ શોખ છે પ્રેમ છે. એમના માતુશ્રી પણ ખુબજ ધર્મીષ્ટ આત્મા છે માતુશ્રી પ્રત્યેના ભક્તી અને પ્રેમ અજોડ છે. આવી એક સજ્જન વ્યકિત સભાના પેટ્રન થવાથી ખૂબજ આનંદ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

3154

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### સંસ્થાના નવા પેટ્રન સાહેબ

# શ્રેષ્ઠીવર્ય શ્રી મહીપતરાય જાદવજીની

### જીવન ઝરમર



ભાવનગરના વતની શાહ સોદાગર શેઠ જાદવજી નરશીદાસ એક મશહુર નામાંકીત વેપારી હતા. જેમની પેઢીઓ રાજકોટ–જામનગર વેરાવળ-જુનાગઢ-સાંગલી–કાલપી-મુંબઇ ઇત્યાદિ શહેરોમાં ધમધોકાર ચાલતી હતી. વેપારી આલમમાં જેનું નામ એટલું પ્રખ્યાત હતું કે અનેક શહેરો–ગામો અને ગામડાઓમાં વેપારીઓ એમને ત્યાં વેપાર કરવા આવતા–વાયદાનું હાજરનું કમિશનનું કામકાજ બહુ ઓછા કમિશને અને પ્રમાણિક રીતે એમને ત્યાં થતુ એમની કીર્તિની સુવાસ ચારેકોર ફેલાયેલી.

એમના ત્રણ પુત્રો હતા તેમાં શ્રી મહીપતભાઈ સૌથી નાના પુત્ર હતા. તા. ૯–૬–૨૪ ના મંગળ દિવસે એમનો જન્મ થયો હતો માતુશ્રી હેમકુંવરબેનમાં નામ એવાજ ગુણ હતા. વ્યવહારિક અભ્યાસ મેટ્રીક પાસ કરી અઢાર માસની વયમાંજ પિતાશ્રીના ધંધામાં જોડાઈ ગયા. કુશાગ્ર બુદ્ધિ, ચીવટ, ખંત અને ઉત્સાહથી જોત જોતામાં ધંધાનો મોટા ભાગનો કારભાર મહીપતભાઇએ સંભાળી લીધો પ્રગતિના પંથે વિકસાવી વેપારી સમાજમાં આગવુ સ્થાન પ્રાપ્ત કર્યું

તેઓ સુશ્રાવક શ્રેષ્ઠીવર્ય શ્રી ત્રિભોવનદાસ હરખચંદ ખાંડવાલા અને સુશ્રાવિકા ધર્માનુરાગી જડીબેન ત્રિભોવનદાસના સુપુત્રી શ્રીમતી વિજયાબેન સાથે લગ્નગ્રંથીથી જોડાયા. વિજયાબેન ખુબજ પ્રેમાળ અને શાંત સ્વભાવના હોવા ઉપરાંત સેવાના પરોપકારના અને ધર્મના કાર્યમાં સદાને માટે એક સાચા સાથીદાર પણ છે એમની દરેક પ્રેરણા શ્રી મહીપતભાઇને જીવનમાં અત્યંત ઉપયોગી અને માર્ગદર્શક હોય છે.

ઈ, સ. ૧૯૫૦ માં પિતાશ્રી જાદવજી શેઠનું સ્વર્ગગમન થયું અને છત્ર છાંયા ગુમાવી. પછી ૧૯૫૨માં મહીપતભાઇ ભાઇઓમાથી છુટા થઈ સ્વતંત્ર ધંધાની શરૂઆત કરી. ત્યાર પછી ૧૯૭૨ થી હાજર માલના ધંધામાં પડયા અને ૧૯૭૬ થી કેમીકલ્સનો ધંધો વિશાળ પાયા ઉપર ચલાવી રહ્યા છે. ધંધાના એવા ખેલાડી કે ગમે તે ધંધામાં ઓતપ્રોત થઈ જાય ધંધા કરતા એ અધિક એમનું સામજિક જીવન ખૂબજ અનુમોદનીય અને પ્રશંસનીય છે.

૧૯૫૪ માં જૈન ઉદ્યોગગૃહના કાર્યકર્તાઓએ મહીપતભાઇની સેવાની માગણી કરી. કાર્યવાહક સમિતિમાં લીધા–અને જોત જોતામા ઉદ્યોગ ગૃહની શાન બદલી નાંખી–એમના જોડાયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પછી સેંકડોની સંખ્યામાં બહેનોને કામ મળવા માંડ્યુ અને સંસ્થાકીય સ્થિતિ પણ સદ્ધર થઇ ગઇ. સંસ્થામાં ૧૫ વરસ સુધી મંત્રી પદે રહીને સેવા આપી-સેંકડો બ્હેનોના અંતરની આશિશ લીધી તદ્ઉપરાંત બ ળાશ્રમ કમિટીમાં ગુરૂકુળ કમિટીમાં ટ્રસ્ટી તરીકે, તાલધ્વજ બાળ વિદ્યાર્થી ગૃહની કમિટીમાં રહીને તન મન ધનથી સેવા આપતા રહ્યા. બોમ્બે સીટીઝન્સ કમિટીમાં. મેયર રીલીફ કમિટીમાં તેમને માન ભર્યું સ્થાન મળ્યુ-વળી બોમ્બે ઓઇલ સીડઝ એસોસિએશન જેવી માતબર સંસ્થામાં આઠ વરસ સુધી ડાયરેકટર તરીકે સૌથી વધુ મતે ચુંટાઇને સેવા આપી-અગાશી તીર્થ જૈન દેરાસરમાં ત્રણ વરસ ટ્રસ્ટી તરીકે રહ્યા. કેળવણી ક્ષેત્રે શકુંતલા જૈન હાઇસ્કુલ કમિટીમાં જોડાઇ મહત્વની સેવા આપી,

મહારાષ્ટ્ર સરકારે તેઓને ૧૯૭૦ માં જે. પી. નો ઇલકાબ આપી સન્માન્યા ત્રણ વરસ જે. પી રહ્યા ઓલ ઇન્ડીઆ જૈન કોન્ફરન્સ પાલીતાણા અધિવેશનમાં મંત્રી પદે તેમની વરણી કરી જેમાં સાત વરસ સુધી સેવા આપી.

આમ અનેક સામાજિક ધાર્મિક અને વ્યાપારિક સંસ્થામાં સેવાભાવી કાર્યકર તરીકે સુંદર સેવા બજાવી પોતાની બુદ્ધિ-શક્તિ અને ઉદારતાનું યોગદાન આપેલ છે. મહાવીર વિદ્યાલયમાં પણ તેઓ પેટ્રન છે.

શ્રી મહીપતભાઇએ પુરૂષાર્થ અને પુણ્યોદયથી પ્રારબ્ધ અને પ્રસન્નતા સંસ્કારિતાના ક્ષેત્રે **ઘણું ઉંચુસ્થાન મેળવી જીવનને સુવાસિત** કર્યું છે. તેઓને ત્રણ પુત્રો પુત્રવધૂઓ અને એક પુત્રી છે. બધા સંસ્કારી અને સુશિક્ષિત છે. બધાનો સંપ આદરણીય છે. આ સભાના પેટ્રન બનવાથી સભા ગૌરવ લે છે.

———

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સંસ્થાના નવા પેટ્રન સાહેબ

# શ્રીમાન રાજેન્દ્રકુમાર મગનલાલ મહેતાની

### જીવન ઝરમર

જૈન શાસન, જૈન ધર્મ, અને ભક્તિમાં શ્રદ્ધા ધરાવનાર વિનય અને વૈયાવચ્ચ જેવા ગુણોથી જેમનું વ્યકિતત્વ ઉજ્જવળ બન્યું છે તેવા શ્રેષ્ઠીવર્ય શ્રી રાજેન્દ્રકુમાર સૌરાષ્ટ્રમાં સાવરકુંડલા પાસેના ફીફાદ ગામના વતની છે. હાલ આકોલા (વિદર્ભ) માં વસે છે.

ગ્રામ્ય ભૂમિની સરળતા અને પિતાશ્રી મગનલાલે સિંચન કરેલા ગુણોથી અલંકૃત છે. માતા જયકુંવર બેનની પ્રેરણાથી અભ્યાસમાં રત બન્યા અર્વાચીન સમયની ઉપાધી **B. Com. L.L. B.** સંપાદન કરી છતાં પશ્ચિમના વાયરાથી અલિપ્ત રહ્યા છે. કુટુંબ વાત્સલ્યના પ્રવાહથી કુટુંબીજનોના હાર્દને ભીંજવી દીધા છે. પરિણામે સહુના વ્હાલસોયા બન્યા છે.

ધાર્મિક અભ્યાસ બે પ્રતિક્રમણ સુધીનો છે. પણ તીર્થયાત્રા અને પ્રભુભક્તિના ભાવથી કુટુંબીજનોને સારા એવા તીર્થસ્થળોની સુવિધા પૂર્વક યાત્રા કરાવી છે શકિત મુજબ તીર્થસ્થળોમાં સારી એવી દાન સરિતા વહાવી છે. છતાં નામના પ્રત્યે બેપરવા રહ્યા છે.

આકોલામાં તેમની માતબર પેઢી ચાલે છે પુરૂષાર્થ અને બુધ્ધિના સમન્વયથી ધંધામાં સારો એવો વિકાસ કર્યો છે.

શ્રી જૈન દેરાસર તથા સામાજિક સંસ્થાઓ સાથે કારોબારીના સભ્ય તરીકે સંકળાયેલા છે. સુંદર વહિવટના આગ્રહી છે. તેમના પત્ની શ્રી કુમુદબહેન ધાર્મિક કાર્યોમાં પ્રેરણારૂપ છે. સામાજિક ક્ષેત્રે સુંદર સહકાર આપે છે. તેઓશ્રીને ત્રણ પુત્રો છે.

આ રીતે સામાજિક તેમજ ધાર્મિક ક્ષેત્રે શકય તેટલું બધું કરી રહ્યા છે. આ સભાના નવા પેટ્રન બનતાં, સહુ હર્ષની લાગણી અનુભવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત

વર્ષ : ૮૦] વિ. સં. ૨૦૩૯ ચૈત્ર : અપ્રિલ-૧૯૮૩ [અંક : ૬

## મનની અવળાઈ

(ચાબખા)

મન તો ધૂલ્ય તણું ખાનારૂં રે,
જીવનું કહ્યું નહીં માનનારૂં ટેક
પાપ બંધાવી આત્મ રાજાને વળી,
પોતે રહે જઇ ન્યારૂં
હરામખોરને હાંકલી, રાખજે,
માંત બગાડશે તારૂં રે મન૦
નાગ જઈ જેમ કાટે મનુષ્યને,
ખાલી મોઢું જેમ ખારૂં,
પાપનો પોટલો બંધાવી જીવને,
તેમ તે મન મારનારૂં રે મન,
દેહ નગરીનો રાજા જે જીવ તેમાં,
મન કહે રાજ મારૂં,
પ્રજા થઇ રાજાને દંડે,
એ તો સો મણ તેલે અંધારૂં રે મન૦

'કવિ'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રભુ મહાવીરસ્વામીના સમવસરણની રચના

( શ્રી મહાવીર ચરિત્ર )

લે. પૂ૦ ગુણચંદ્ર ગણિ

અસંખ્ય કોટિ દેવો વડે પરિવરેલા, દેવોએ વિકુર્વેલા કોમળ સ્પર્શવાળા **નવ** સુવર્ણ કમળ ઉપર અનુક્રમે પાદયુગલને સ્થાપન કરતા, દેવોના ઉદ્યોતવડે અંધકારનો નાશ થયેલ હોવાથી, દિવસની જેમ પદાર્થનો સમુહ પ્રગટ રીતે જાણતામાં આવતો હતો તેવી રાત્રિના સમયે પણ તીર્થંકર શ્રી મહાવીર સ્વામી બાર યોજન દૂર રહેલી **મધ્યમા** નામની નગરી તરફ જવા લાગ્યા.

તે નગરીની પાસે **મહાસેનવન** નામના ઉદ્યાનમાં દેવોએ સમવસરણની રચના કરવાનો પ્રારંભ કર્યો.

(૧) એક યોજન પ્રમાણ પૃથ્વી ભાગમાંથી કચરાનો સમૂહ દૂર કર્યો.

(૨) હરિચંદનના સુગંધી રસના છાંટાવડે ધૂળનો સમૂહ શાંત કર્યો.

(૩) પાંચ પ્રકારના રત્નો વડે મોટું પીઠિકાબંધ રચવામાં આવ્યું, આ કાર્ય હર્ષઉલ્લાસ પામતાં વ્યંતર દેવો કરે છે.

(૪) વૈમાનિક દેવોએ પંચરંગી રત્નમય અને વિશાળ દરવાજા તથા કાંગરાએ કરીને મનોહર ગઢ બનાવ્યો.

(૫) જયોતિષી દેવોએ ચોતરફ પ્રસરતા કિરણોના સમૂહ વડે આકાશના વિવરને ભરી દેતો **સુવર્ણનો** શ્રેષ્ઠ પ્રકાર સ્થાપન કર્યો.

(૬) ભુવનપાત દેવોએ જળકણ જેવી શ્વેત કાંતિ વડે શોભતો **રૂપાનો** પ્રકાર કર્યો,

(૭) ત્રણે પ્રકારની મધ્યે વ્યંતરદેવોએ શ્રેષ્ઠ મણિ અને રત્નો વડે મનોહર અને પાદપીઠ સહિત સિંહાસન સ્થાપન કર્યું.

(૮) શક્રેન્દ્રે વિકસ્વર પલ્લવો વડે શુશોભિત જિનેશ્વરના શરીરથી બારગણો મોટો કંકેલ્લિ નામનો વૃક્ષ વિકુર્વ્યો.

(૯) ઈશાનેન્દ્રે, મોતીની સેરવાળા, પૂર્ણિમાના ચંદ્ર જેવા ઉજ્જવળ અને સ્ફટિક દંડવાળા ઉપરા ઉપર રહેલ ત્રણ છત્ર બનાવ્યા.

(૧૦) શ્રેષ્ઠ ગંધવાળા જાનુપ્રમાણ પુષ્પોની વૃષ્ટિ આકાશથી પડી.

(૧૧) સર્વ રત્નમય વિચિત્ર કિરણો વડે ઈંદ્રધનુષ્યને રચનારા તોરણો શોભતા હતા.

(૧૨) ક્ષીર સાગરના શબ્દ જેવા ગંભીર ચાર પ્રકારના વાજિંત્રો દેવોના સમૂહે વગાડ્યા

(૧૩) કલ્લોના વિલાસવાળા ધ્વજના સમૂહ વડે અને પતાકાઓ વડે આકાશ વ્યાપ્ત થયું.

(૧૪) મિથ્યાત્વરૂપી શત્રુને ક્ષોભ પમાડનાર અખંડ સૂર્યબિંબ જેવું શ્રેષ્ઠ **ધર્મચક્ર** સુવર્ણના કમળ ઉપર સ્થાપન કરવામાં આવ્યું.

(૧૫) દેવચ્છંદક વગેરે હર્ષિત હૃદયવાલા વ્યંતર દેવોએ કર્યા.

આ અવસરે દેવો અને વિદ્યાધરો વડે નમસ્કાર કરાતા, અસંખ્ય ગુણોના નિવાસરૂપ ઇંદ્રે બતાવેલ માર્ગ તરફ જતાં, રાગ રહિત પતિતોદ્ધારક એવા જગદગુરૂ શ્રી વીરપ્રભુ પૂર્વ તરફના દરવા-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાથી સમવસરણમાં પ્રવેશ્યા સિંહાસનને પ્રદક્ષિણા કરીને, '**તીર્થને નમસ્કાર**' હો–એમ બોલી પૂર્વાભિમુખ સિંહાસન પર બેઠા.

બાકીની ત્રણ દિશાના સિંહાસનો ઉપર દેવોએ જિનેશ્વરના પ્રતિરૂપ રચ્યાં ત્યારબાદ અસંખ્ય સૂર્યમંડળના સારભૂત પરમાણુના સમૂહ વડે બનાવ્યું હોય એવું **ભામંડળ** પ્રભુના મુખ પાછળ ઉદય પામ્યું ભગવાનની બન્ને બાજુએ ચમરેન્દ્ર અને બલીન્દ્ર નામના બે અસુરપતિઓ શ્વેત વર્ણવાળા ચામરો હાથમાં ધારણ કરી ઉભા રહ્યા.

પછી સુરેન્દ્રો અને અસુરેન્દ્રો પ્રભુને પ્રણામ કરીને યોગ્ય સ્થાને બેઠા. ત્યારે મેઘની ગર્જના જેવી ગંભીર, એક યોજન પ્રસરવાની શક્તિવાળી અમૃતની વૃષ્ટિ સમાન, ભવ્ય પ્રાણીઓના સંતાપને શાંત કરનારી વાણી વડે ધર્મદેશના આપવા પ્રવર્ત્યા.

---

સંત ભવસાગરે દીપ દાંડી સમા,
જીવન નૌકા તણા ધ્રુવતારા,
સંત ચેતનભર્યા તીર્થક્ષેત્રો મહા,
પૂલ તે પાર ઉતારનારા.
સંત સહકાર સમ નમ્ર નીચાવળી,
મધુર અમૃત ફળો આપનારા,
સંત સાનંદ નિજ સ્વરૂપમાં ઊંઠતા,
દિવ્ય જ્યોતિ તણા તે ગભારા.

: પુષ્પા પી. સાવલા-બાડા :


## પ્રગટ થઈ ચુકેલ છે

**શ્રી શ્રીપાળ મહારાજાનો રાસ** પ્રગટ થઈ ચુકેલ છે જેની મર્યાદિત પ્રતો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી. મૂળ કીંમતે આપવાનો છે. તેની મૂળ કીંમત રૂપિયા વીસ રાખેલ છે; તો તાત્કાલિક મંગાવી લેવા વિનંતી.

卐

—: સ્થળ :—

**શ્રી જૈન આત્માનંદ સભા**

ઠે. ખારગેટ : **ભાવનગર** : (સૌરાષ્ટ્ર)

**તા. ક.** : બહાર ગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ સહીત રૂપીઆ ચોવીસ અને વીશ પૈસાનું મનીઓર્ડર કરવા વિનંતી.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મનવો ચંડાળ

માધવપુર નામે નગર. ત્યાં રાજ્ય કરે ભદ્રિકસિંહ તેને ગુણધર્મા નામે સુશીલ, ગુણવંતીરાણી તેજ નગરમાં રાજાના મહેલનું પાયખાનું સાફ કરનાર મનવો કરીને એક ચંડાળ વસે. તેની વિષયા નામે ચંડાળણી સ્ત્રી.

એક વખત પાયખાનું સાફ કરતાં નીચેથી ઉપર જોતાં રાણીનું સ્વરૂપ દીઠું. અત્યંત મોહ પામ્યો. ત્યારથી તે એટલો કામાંધ બન્યો કે દિવસે દિવસે શરીરે લેવાતો ગયો. રાણીના સમાગમ વગર તેને ચેન પડતું નહીં. વાત હતી અશકય. તેથી કોઇને કહેવાય નહિ અને કામ વિકાર ત્યજી શકે નહિ સર્પે છછુંદર ગળ્યા જેવું થયું.

તેની પત્ની વિષયાને લાગ્યું કે તેના પતિને કોઇ મહાન વ્યાધિ કે ચિંતા પીડી રહી છે. ખૂબ આગ્રહપૂર્વક પૂછતાં મનવાએ રાણી ઉપરનો પોતાનો વિકાર ભાવ જણાવ્યો. વિષયાએ તેને ઘણો નિર્ભર્છયો અને કહ્યું. "આમાં તો તારૂં મોત થશે. કાંઈ વળશે નહિ સમજ અને ધ્યોનને ત્યાગ કર" પણ મનવો એકનો બે થયો નહિ

આથી વિષયા લાચાર બની પોતાના પતિનું કાર્ય સિદ્ધ થાય તે માટે, એક દિવસ રાજમહેલ સામે આવીને છાતીફાટ રૂદન કરવા લાગી, તેનું કલ્પાંત સાંભળી રાણીએ તેને નજીક બોલાવી પૂછ્યું, "તને એવું તે શું દુઃખ છે કે આટલું બધું રડે છે?" વિષયાએ કહ્યું, "અન્નદાતા, રાણીજી સાહેબ. કંઈ કહી શકાય તેમ નથી. અને દુઃખથી રહેવાતું નથી માટે રડું છું" રાણી મહા દયાળું અને ધર્માત્મા હતી. બહુંજ મીઠા વચને આશ્વાસન આપી વિષયા પાસેથી વાત જાણી લીધી.

રાણીએ કહ્યું "ફિકર નહિ, હું તને જે ઉપાય બતાવું તે પ્રમાણે જો તારો પતિ કરે તો તેની મુરાદ બર આવશે. આપણા શહેરના મ્હોટા માણેક ચોકના મધ્યભાગમાં ચાર રસ્તા ભેગા થાય છે. ત્યાં જોગીને વેષે, ઉપવાસ સહિત, સર્વ પ્રકારે મૌન પણે, નાસિકાના અગ્રભાગ પર નેત્રને સ્થાપી ઉભો ઉભો એકાગ્ર ચિત્તે મ્હારૂ ધ્યાન કર્યા કરે. એક માસને અંતે હું ત્યાં હાજર થઈશ. જો તેના ધ્યાનમાં લેશ પણ ખામી આવી જાણીશ તો તેનો શ્રમ અને મનોરથ મિથ્યા થશે. તેના ફરતા મારા ચોકીદાર રહેશે. તો બની શકે તો પૂછી આવ હા પાડે તો કાલથી શરૂ કરે"

વિષયાની વાત સાંભળતાંજ મનવો હોંશમાં આવી ગયો. બીજી સવારથી જોગી બનીને ચોકની વચમાં એકાગ્ર ચિત્તે રાણીનું ધ્યાન ધરતો ઉભો રહ્યો. કેટલાક દિવસ વિત્યાં તેટલામાં નગરના ભોળા મરદો અને સ્ત્રીઓના ટોળે ટોળાં, મહાત્મા તપસ્વી યોગીના દર્શનાર્થે, ભેટ સોગાદ, નજરાણા વગેરે લઇને નીકળી પડયાં. પછી તો ધનના ઢગલા થયા. પછી તો શેઠ શાહુકાર, અમલદારો, મંત્રી અને રાજા પણ આ યોગીશ્વરની ભક્તિ અર્થે અવાર નવાર આવવા લાગ્યા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અંતે એક માસ પૂરો થયો. મનવાએ અવધિ પૂરી થઈ જાણી, ધ્યાન સમાપ્ત કર્યું ચોમેર જોતાં હજારો લોકો અને પુષ્કળ દોલત દેખી મનમાં વિદ્યુત વેગે વિચાર ઝબકી ઉઠયો, અહો! આ શું? મૌન પણે દઢ ચિત્તે તપયુક્ત કરેલ અશુભ એકાગ્ર ધ્યાનનો પણ મહિમાતો જુઓ હા! હા! આ સર્વે કષ્ટ માત્ર મારા દુષ્ટ વિકારની પુષ્ટિ માટે કરૂં? નહિ, નહિ. લોકોએ મને તેવો જાણીને આ ભકિત કરી નથી, પણ બહારના રૂપ પ્રમાણે અંતરને શુદ્ધ માનીને કરે છે. હવે આ ધ્યાનમાંથી દુષ્ટ વિકારી ભાવ કાઢી પ્રભુને જ ભજું પ્રભુ જ મારૂં શરણુ હો મહારાણી સાહેબાનું સદાકાળ ભલું હજો જેમણે મને આવી ઉત્તમ યુકિતથી સર્વોત્તમ માર્ગે ચઢાવ્યો અરે! આ વેષનો પ્રભાવ? અહો! આ ક્રિયાનું સુખ! અહો! હું એક નીચ ચંડાળ દુરાત્મા, પાપિષ્ઠ છતાં રાજા તથા શ્રિમંતોનો પૂજનિક થયો. શાથી? મહારે માસ માસના ઉપવાસ શુદ્ધ ધ્યાન પૂર્વક કરવા, મહારાણી સાહેબને ઉપકાર માનવો. સર્વથા ત્યાગી રહીને આજ સ્થળે દેહોત્સર્ગ સુખ સમાધિમાં થાઓ એવી દઢ પ્રતિજ્ઞા કરૂં છું.

તેજ સમયે ભાતભાતના ભોજન, ખાનપાનાદિ સુંદર મધુર પદાર્થોથી ભરેલ સુવર્ણથાળ, ફૂલ-ફળથી ભરેલ સુવર્ણ રકાબીઓ સુગંધિ મિષ્ટ જળમય રત્નજડિત સુવર્ણ કલશા અને વિવિધ તાંબૂલ, મુખવાસ પ્રમુખ લઈને સોળે શણગાર સજીને રાણીજી મનવા સન્મુખ રાજા સહિત આવીને હાજર થયા. મનવાને બોલાવ્યો "બોલ હવે તારી શી ઇચ્છા છે? હુ તારી પાસે ઉભી છું.

મનવો લજ્જા પામી, હર્ષના આંસુ સાથે, બે હાથ જોડી રાણીજીને ભકિત પૂર્વક પગે લાગ્યો અને બોલ્યો, "હેમાતા! હે ધર્માત્મા! હે દયા મૂર્તિ! તમારૂં જુગજુગ પર્યંત કલ્યાણ થાઓ. મારો અપરાધ ક્ષમા કરો. મારૂં કલ્યાણ કરવામાં સહાયરૂપ બનો" રાણીજીએ તેને ભોજન કરાવ્યું, પ્રશંસા કરી અને તેની પ્રતિજ્ઞામાં દઢ કર્યો. તેથી તેની સદગતિ થઈ.

ઉપનય :-

(૧) વિષમ, કષાય યુકત દુર્ધ્યાનવાળું પ્રાણીનું મન—તે મનવો.

(૨) બાહ્યદેખાવ, બાહ્યક્રિયા વગેરેથી ભોળવાઇ જતાં ભોળા લોકો—તે રૂપ ભદ્રિકસિંહ

(૩) નિપુણ દયામય જિનમતિરૂપ તે ગુણધર્મા રાણી

(૪) સદાચારી, મહાત્મા યોગીરૂપ શુદ્ધ ચેતનને સુમતિવંત સત મનવો જાણવો

(૫) દંભી, વેષધામી પાખંડી, કે નામધારી જોગી તે પૂર્વાવસ્થાને અશુદ્ધ મનવો જોગી જાણવો.


## શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન

શાશ્વતા તીર્થની ઉપાસના આવાં પુનિત પુસ્તકના વાચન દ્વારા વિશેષ રીતે થઈ શકે છે. તેથી આ પુસ્તક દરેક ઘરે વસાવવા જેવું છે.

નવ્વાણું યાત્રા કરનાર ભાગ્યવંતોને, વર્ષીતપ કરનાર તપસ્વીઓને, તેમજ શ્રી જૈન સંઘના શ્રાવકો અને શ્રાવિકાઓને પ્રભાવનામાં આપવા લાયક પુસ્તક છે. આ પુસ્તકમાં પુનિત તીર્થના પંદર ફોટાઓ છે કિંમત ફક્ત ૬-૦૦ રૂપિયા જે વ્યક્તિ સો કે સોથી વધારે પુસ્તક મંગાવશે તેમને દશ ટકા કમિશન આપવામાં આવશે.

શ્રી જૈન આત્માનંદ સભા ખારગેઈટ,
ભાવનગર (સૌરાષ્ટ્ર)




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ✠ સુખદ વિસ્મૃતિ ✠

**John Kars**

કાતિલ ઠંડી ભરી રાત્રિ મધ્યે,
સુખે નિવાસે વનવૃક્ષ આજે.
કદી સ્મરે ના તત્વૃક્ષ શાખા,
મહાણેલ સુખે નિજ વર્ણ આભા.
થીજાવતાં વાયુ તણા સપાટા,
સુસ્વાટ સાથે બહુ પીડનારા
છતાં ન રુંધાય વિકાશ ખુશ્બો,
ખુશાલ હૈયે ધરે પર્ણ પુષ્પો.
ઘુમ્મસ વહાવે નીલ આભ ગરણું,
તદા નિવાસે પ્રતિદિન ઝરણું.
કદી સ્મરે ના સકલ્લોલ હૈયે,
મહાણેલ ચૂમ્મી સવિતા તણીજે;
ભૂલી મધુરાં સ્મરણો સુખીના,
સરે ઉમંગે ફરિયાદ વિના.
વસે ઉછાળી મણિ. પહેલ પાસા,
નજરે ચઢેના કદીયે નિરાશા
હૈયે વસે યુવક યુવતિના
રે ! વિસ્મૃતિ ! જામ ભરી કૃપાના.
અરે ! હશે કોઇ મનુષ્ય એવાં.
મહાણેલ સુખને કદીયે ન જંખ્યા ?
કશા ન દીસે જગમાં ઇલાજો,
શાને સહે ના ધરીને ઉમંગો ?
નજરે પડે ના કદી કોઈ કાવ્યે,
સ્થવીર બુદ્ધિ હસ્તી દુઃખોને

અનુ. પી. આર. સલોત

---

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઇ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ, મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અદ્ભુત ઔષધિ

**सर्प दष्ट प्रदेशे तु, स्वयमेव विचक्षणः**
**मूत्रयेत् तत्क्षणादेव निर्विषत्वम वाप्नुयात् ॥**

જે ઠેકાણે સર્પ કરડ્યો હોય તે ઠેકાણે તરતજ તેના ઉપર પેસાબ કરવો તેથી ઝેર ઉતરી જાય છે.

**सद्यो भुजङ्गदंशे, रविदुग्धमल पुरिते कदाचिदपि**
**व्रजति न धातुषु गरलं, सत्यं पाषाण रेखेव ॥**

તત્કાળ સર્પના દંશની જગ્યા ઉપર આંકડાનું દુધ પુરી દેવાથી કોઈ દિવસે તે માણસના શરીરમાં વિષ લોહી વગેરે ધાતુમાં વ્યાપ્ત થઈ શકતું નથી, તે ખરેખર પાષાણની રેખા સમાન છે.

**पलाशबीजमर्कस्य, दुग्धे पिष्टं हरेत्क्षणात् ।**
**विषं वृश्चिक सम्भूत दंश स्थान विलेपनात् ॥**

ખાખરાના બીજને વાટીને, આકડાના દૂધ સાથે, જે જગ્યા ઉપર વીંછીએ દંશ કરેલ હોય ત્યાં લગાડવાથી તાત્કાલિક વીંછીના ઝેરને ઉતારે છે

## પ્રહેલિકા

**अपदो दुरगामी च, साक्षरो न च पण्डितः ।**
**अमुखः स्फुट वक्ता च, यो जानाति स पण्डितः ॥**

પગ વિનાનો છે પણ દૂર જનારો છે, સાક્ષાર (અક્ષરવાળો) છે પણ પંડિત નથી મુખ વગરનો છે પણ ચોકખું બોલનાર છે. આને ઓળખે તે પંડિત છે

(જવાબ પત્ર)

**वृक्षाग्रवासी न च पक्षिराज स्त्रिनेत्रधारि न च शूलपाणि : ।**
**त्वडवस्त्रधारि न च सिद्धयोगी जलं च बिभ्रन्न घटो न मेघ : ।**

વૃક્ષના અગ્ર ભાગ ઉપર નિવાસ કરનાર છતાં પક્ષીરાજ (ગરૂડ) નથી, ત્રણ નેત્ર છતાં શંકર નથી, છાલરૂપી વસ્ત્ર ધારણ કર્યા છતાં સિદ્ધયોગી નથી, જળને ધારણ કર્યા છતાં ઘડો કહેવાતો નથી, તેમ વાદળું પણ કહેવાતું નથી–

(જવાબ નાળિયેર)

**अट्ठ मुह नयणा सोलस, पनरस जीहाउ चलण जुअलं च ।**

**दुन्निजिअ, दुन्नि करयल, नमाम्यहं पविसं देवम ।**

સોળ નયનવાળા ૧૫ જીભવાળા, બે પગવાળા બે જીવવાળા, અને બે હાથવાળા એવા દેવને હું નમું છું (પાર્શ્વનાથ પ્રભુને)

ખુલાસો :– શ્રી પાર્શ્વનાથ સ્વામીના શરીર ઉપર સાત ફણવાળો સર્પ છે, તે સહિત ભગવાનનું આ વર્ણન છે. સાત ફણા હોવાથી ચૌદ નેત્ર સર્પના અને બે નેત્ર ભગવાનના–૧૬ નેત્રો, આઠ મુખ, એક એક ફણમાં બબે જીભ તેથી ચૌદ જીભ ને એક ભગવાનની જીભ–૧૫ જીભ બે પગ અને બે હાથ–માત્ર ભગવાનનાજ–વર્ણન સમજાયા પછી ભક્તજનોનાં અંતઃકરણમાં વિશેષ ભક્તિભાવ અને અલૌકિક આનંદ ઉત્પન્ન કરે છે

**कमले कमले नित्यं मधूनि पिपतस्तव ।**
**भविष्यति न सन्देहः कष्टं दोषाकरोदये ॥**

(कमके कं अले–હે ભમરા ! કમળનાં સુખથી નિત્ય મધુ પીતાં, જ્યારે ચંદ્રોદય વખતે કમળ બીડાઈ જશે ત્યારે તને કષ્ટ થશે એમાં કાંઇ સંદેહ નથી.

(વ્યાખ્યાન સા. સંગ્રહ.)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ॐ શાન્ત સુધારસ ॐ

રચયિતા પૂ૰ ઉપા, શ્રી વિનયવિજયજી મ. સા.
વવેચક :- પૂ૰ પ. અભયસાગરજી મ. સા. ના
શિષ્ય મુનિરાજશ્રી રવીન્દ્રસાગરજી મ.

[ ભવ વનમા ભૂલા ભમતા ભવ્યજીવોને આશ્વાસન અને સાન્ત્વના દ્વારા સમાધિ પ્રાપ્ત કરાવી અનુક્રમે મોક્ષનગરમાં પહોંચાડનાર માર્ગદર્શક-ભોમિયા તુંલ્ય અનિત્યત્વાદિ બાર ભાવના અને મૈત્રી આદિ ચાર ભાવના સ્વરૂપ શ્રી શાંત સુધારસ ગ્રંથ ]

## અનિત્ય-ભાવના-ગેયાષ્ટક

**हंत हतयौवनं पुच्छमिव शौवनं**
**कुटिलमसि तदपि लघु दृष्टनष्टम्।**
**तेन बत परवशा-परवशा हतधियः**
**कटुलमिह किं न कलयन्ति कष्टम् ॥ ३॥**

અનિત્ય ભાવનાના ગેયાષ્ટની પહેલી ગાથામાં જીવિત-આયુષ્યની અનિત્યતા બતાવી, બીજી ગાથામાં વિષયસુખની ક્ષણિક્તા વર્ણવી.

હવે આ ત્રીજી ગાથામાં યૌવનની કુટિલતા બતાવતાં અનુગ્રહ બુદ્ધિ નિધાન ઉપાધ્યાયશ્રી વિજયવિજયજી મ. સા. કહે છે કે–

હંત ! ખેદની વાત છે કે – કુતરાની પુંછડી જેવી આ યૌવન અવસ્થા જીવને સીધે માર્ગે ચાલવા દેતી જ નથી એમ કહીએ તો બહુલતાએ ખોટું નથી.

કેમકે–ઉત્તમ પુરૂષોના ઉપદેશથી પ્રેરણા પામીને શુભ ભાવનાથી શુભ માર્ગે પ્રવર્તતા જીવાત્માને આ યૌવનાવસ્થા બલાત્કારે પણ વિકારોના વિકૃત વાંકા માર્ગે ખેંચી જાય છે,

સામાન્યથી આ વિશ્વ તરફ આપણે નજર કરીએ તો દેખાશે કે-જીવને બાલ્ય વયમાં વિશેષ વિષય-વિકારો ઉત્પન્ન થતા જ નથી અને વૃદ્ધાવસ્થામાં લગભગ વિષય–વિકારો શમી ગયેલા હોય છે. કેમકે બાલ્યકાળમાં ઇંદ્રિયોનો વિશેષ વિકાસ થયેલ નથી હોતો તેથી ત્યાં અસમજણના કારણે વિષય-વિકારો થતા નથી અને વૃદ્ધાવસ્થામાં ઇંદ્રિયો સીથીલ થયેલ હોવાથી અને ઘણા સારા-ખોટા અનુભવો કરેલ-થયેલ હોવાથી અનુભવ જ્ઞાનના કારણે લગભગ વિષય વિકારો શમી ગયેલા હોય છે.

તેથી જ બાળક અને વૃદ્ધ દરેક જીવોને વહાલા લાગે છે. બાળક પ્રકૃતિ સ્વરૂપ હોય છે અને વૃદ્ધ પુરૂષ અનુભવી હોય છે.

બાળક મૂક રીતે હિત શિક્ષા આપે છે.

વૃદ્ધ પુરૂષ વ્યક્તરીતે હિતશિક્ષા આપે છે.

આ કારણથી બાળક અને વૃદ્ધ આ વિશ્વ ઉપર ઉપકારને કરનારા છે–

જ્યારે યૌવન અવસ્થા કે જ્યાં બધી જ ઇંદ્રિયો સંપૂર્ણ વિકાશને પામેલી હોય છે. જો આ યૌવનના સમયે વૃદ્ધિ–વડિલ પુરૂષોની નિશ્રા ન હોય, ધર્મના યમ–નિયમો આદરેલા ન હોય તો આ આત્માને મોહનીય કર્મના વિપાકોદયે વિકારો થયા વિના રહેતા જ નથી.

ઋદ્ધિ–સમૃદ્ધિ-રૂપ-ધન-ઐશ્વર્ય સંપન્નને આ વિકારો થાય એ સંભવિત છે પણ જેની પાસે ઋદ્ધિ નથી રૂપ નથી ધન નથી ઐશ્વર્ય નથી એવા જીવોને તો વિષય વિકારો વધારે સતાવે છે.

કોઇક કવિએ બાહ્ય દષ્ટિએ સાચું જ કહ્યું છે કે-

**प्राप्ते तु षोडशे वर्षे गर्दभी अप्सरायते।**

કદરૂપી અને બેડોળ એવી પણ કન્યા જ્યારે સોળ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વર્ષની થાય છે ત્યારે અપ્સરા તુલ્ય કામી પુરૂષને આકર્ષણનું કારણ બને છે.

આ કારણથી યૌવન અવસ્થામાં વર્તતા વૃદ્ધ-વડિલ પુરૂષની નિશ્રા વિનાના સ્ત્રી કે પુરૂષનો કોઈપણ વ્યક્તિ વિશ્વાસ ભરોસો કરતા નથી.

માટે જ પૂ૦ ઉપા. શ્રી વિનયવિજયજી મ૦ સા. આ ગાથામાં કહે છે કે-કુતરાની પૂંછડી જેવું આ યૌવન અતિશય કુટિલ-વક્ર છે.

કુતરાની પુંછડીને જેમ સીધી કરવા માટે ગમે તેટલું પ્રયત્ન કરીએ પણ જેવા તે પ્રયત્નો છોડી દીધા કે તુર્ત પાછી તે કુતરાની પુંછડી વાકી વળી જાય છે તેમ આ જીવ યૌવનને સન્માર્ગે પ્રવર્ત્તાવવા વૃદ્ધ-અનુભવી વડિલ પુરૂષો કે સાધુ-ગુરૂદેવની હિતશિક્ષા રૂપ પ્રેરણા પામી પ્રયત્ન વિશેષથી સફળ તો થાય છે પણ જેવા તે વડિલ-ગુરૂઓ પોતાના કાર્ય પ્રસંગે આજુ બાજુ અન્યત્ર જાય કે તુર્ત આ આત્મા યૌવનના વિકારોમાં ફસાઇ જાય છે.

અરે! ફસાઈ જાય છે એટલું જ નહિ પણ નષ્ટ મતિથી પ્રેરાયેલો તે મૂઢ આત્મા તે વિકારોને સારા માને છે સામે ડગલે ચાલીને તે વિકારોના જાળમાં ફસાય છે.

જેમ કુતરાની પુંછડીને સીધી રાખવા માટે નિરંતર પ્રયત્ન કરે-તો તે પ્રયત્ન પર્યંત પુંછડી સીધી રહે તેમ જો આ આત્મા જ્ઞાની અનુભવી વૃદ્ધ વડિલ ગુરૂની નિશ્રામાં રહી નિરંતર વિકારોને દૂર કરવા પ્રયત્ન કરે તો તે કંઇક અંશે સફળતા મેળવી શકે.

અને સંપૂર્ણ પરફેકટ થયા વિના જો વચ્ચે જ ગુરૂનિશ્રાથી પરાંમુખ બને તો પુનઃ વિકારો થવા સંભવ છે.

વળી આ યૌવન કેવું છે. તો પૂ૦ ઉપા. શ્રી વિનયવિજયજી મ. સા. કહે છે કે "**लघु दृष्टनष्टम्।**" જોત જોતામાં નદીના પૂરની જેમ નાશ પામનારૂં છે.

અષાઢી મેઘથી ચઢેલો નદીનો પૂર કેટલા દિવસ ટકે? થોડા જ દિવસને!

તેવી જ રીતે આ મનુષ્યગતિમાં જીવને પ્રાપ્ત થનારી યૌવન અવસ્થા નદીના પૂરની જેમ થોડા દિવસ જ ટકે છે, અરે! બનવા જોગ બનાવ બનવાનો હોય તો યૌવન અવસ્થામાં રોગો એવા અસાધ્ય ઉત્પન્ન થાય કે-જેની વેદનાને સહન કરતો મનુષ્ય બિલકુલ શક્તિહીન બની જાય છે.

આજે કયો રોગ, કયારે પોતાનો પ્રભાવ બતાવે તે કહી શકાતું નથી, કર્મોના વિપાકોદય નિવારવા દુઃશકય છે

માટે જ આ યૌવન અવસ્થા વિવેક વિનાના જીવોને અનર્થોનું કારણ બનીને અનેક પાપ કર્મોના પોટલા બાંધવામાં અનન્ય હેતુ બને છે.

માટે સમજુ વિવેકી જીવાત્માએ વૃદ્ધ-વડિલ ગુરૂની નિશ્રામાં રહીને યૌવનવયને સફળ કરવાના ઉપાયો જાણી-સમજીને સન્માર્ગે પ્રવર્ત્તવા ધ્યાનમાં લેવું જરૂરી છે.

આપણને આ વાત કયાં અજાણી છે કે **આગમ ગ્રંથોને પુસ્તકારૂઢ** કરાવનાર પૂર્વધર શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના આત્માએ પૂર્વભવ હરિણેગમેષીના ભવમાં દેવગતિ જીવનના છેલ્લા દિવસોમાં આત્માને નિર્મળ કરવા માટે તીર્થયાત્રાએ નિકળેલ ત્યારે અનુક્રમે નંદીશ્વરાદિ શાશ્વત તીર્થોની યાત્રા કરીને જ્યારે અહિં જંબૂદીપના ભરતક્ષેત્રમાં દક્ષિણાર્ધ ભરતના મધ્યખંડમાં આ અવસર્પિણીના ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીજી જ્યારે સમવસરણમાં બિરાજમાન થઇને બારે પર્ષદાની આગળ ધર્મકથા કહી રહેલા હતા ત્યાં આવ્યા ત્યારે પ્રભુના મુખથી સંસારનું સ્વરૂપ શ્રવણ કરી જિનશાસનની આરાધના કરવા માટે તીવ્ર ઉત્કંઠા ઉપર પણ બીજી આરાધના માટે મનુષ્યગતિ ઉત્તમ છે તથા પોતે પણ અલ્પકાળમાં ચ્યવન પામવાના છે અને મનુષ્યગતિમાં ઉત્પન્ન થવાના છે એમ અવધિજ્ઞાનથી જાણ્યું.

પણ બધા જ મનુષ્યો જિનશાસનની આરાધના કરે છે એવું નથી બનતું નથી તેમને વિચાર આવ્યો કે-આવતા ભવમાં હું મનુષ્ય તો થઇશ પણ જિનશાશનની આરાધના કરી શકીશ કે નહિં.

આ વાતનો નિર્ણય કરવા માટે અવસર મેળવીને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુશ્રી મહાવીર પરમાત્માને પુછે છે કે હે ભગવાન્! હું સુલભબોધિ છું કે દુર્લભ બોધિ છું?

પ્રભુએ કહ્યું કે હે પુણ્યવન્ત તમે દુર્લભબોધિ છો! અર્થાત્ તમોને જિનશાસન મહા કષ્ટે પ્રાપ્ત થશે.

હારણેગમેષી દેવ પ્રભુના વચન શ્રવણ કરીને યુગપદ હર્ષ-શોક યુક્ત થયા ધર્મદેશના પૂર્ણ થયે પ્રભુશ્રી વર્ધમાન સ્વામીજીને અને સર્વ મુનિવરોને પુનઃ પુનઃ વંદન કરીને હરિણેગમેષીદેવ સ્વ વિમાન તરફ વળ્યા-

પોતાના વિમાનમાં જઈને જ્યાં ઉત્પાત શય્યા હતી ત્યાં ઉપરના ભારવટ ઉપર રત્નથી અંકિત કર્યું કે-

**મારા ચ્યવન પછી જે કોઈ દેવ મારા સ્થાને ઉપજે તેણે સર્વ પ્રથમ હું જ્યાં ઉત્પન્ન થયો હોઉં ત્યાં આવીને મને પ્રતિબોધ કરવો, જો મને પ્રતિબોધ ન કરે તો આવા વિશ્વમાં જેટલું પાપ થાય છે તે બધું પાપ તે દેવને લાગે!!!**

**(અપૂર્ણ)**

(અનુસંધાન ટાઈટલ પેજ ૧ નુ ચાલુ

**ભાવાર્થ :-**

(૧) ચોવીશમા જિનેશ્વર, શ્રી મહાવીર સ્વામીના ચરણોમાં હું વંદન કરૂં છું. કર્મો રૂપી શત્રુઓને હણવામાં જેવું યોદ્ધાપણું શ્રી વીર ભગવાનનું છે તેવું વીરપણું હું માગું છું. મિથ્યાત્વ મોહનીય કર્મારૂપી જે અંધકાર તેનો ભય નષ્ટ થયો છે અને જય પટહ વાગ્યો છે.

(૨) છદ્મસ્થ અવસ્થાની ક્ષાયોપશમિક વીર્યવાળી આત્મપરિણતિના યોગે કરીને અને યોગને પોતે આદરવાની પોતાની મેળે થયેલ ઇચ્છાથી ઉત્પન્ન થયેલ બુદ્ધિએ કરીને, આત્મિક, વ્યવહારિક ક્રિયા કરવાના ઉત્સાહે કરીને, શ્રી વીરભગવાન ઉમંગપૂર્વક યોગી થયેલ છે.

(૩) આત્માના અસંખ્યાત પ્રદેશો છે ત એક એક પ્રદેશમાં અસંખ્ય વીર્ય છે. આથી અસંખ્ય યોગની કાંક્ષા થાય છે અને યોગસામર્થ્ય પ્રમાણે આત્મકર્મ વર્ણવાના પુદ્ગલો યથાશક્તિ ગ્રહણ કરે છે.

(૪) જો આત્મામાં સર્વથી વધારે વીર્ય હોય તો, મન, વચન, અને કાયાનું કર્મ બાંધનારૂં કાર્ય-પ્રવેશજ કરે નહિ કારણ કે તે વખતે આત્મબળ છે, તે યોગના ચચળપણાને લીધે લવલેશ માત્ર પણ ઠગાવતો નથી.

(૫) સ્ત્રીસંગની ઇચ્છા થતાં, ધાતુના ઉલ્લાસથી જીવ જેમ ભોગ કર્તા થાય છે તેમ આત્મા પોતાના વીર્યોલ્લાસથી પોતાના ગુણોનો ભોગી થાય છે. અને શૌર્યગુણના જોરે કરીને નિજ ભાવમાં ઉપયોગવંત રહીને તે આત્મા તુરંત અયોગી ગુણસ્થાનરુઢ થાય છે.

(૬) આત્મ ગુણસ્થાનમાં ચઢતાં પૂરેપૂરૂં શુરવીરપણું હોવું જોઇએ એમ હવે હું જાણી શકયો છું શાથી? તો કે આપની વાણીથી-આપના ઉપદેશથી વળી મારી શક્તિ મુજબ ધ્યાન વિજ્ઞાને કરીને, ધ્યાન અને વિજ્ઞાનનું જેટલું બળ હોય તેના પ્રમાણમાં પોતાનું સ્થિરપદ જીવ પીછાને

(૭) સંપૂર્ણ વીર્યોલ્લાસથી શૂરવીર થઇને જે પુરુષ અસમર્થ દશામાં લીધેલા આલંબનોને અને સઘળાં ઉપકરણોને ત્યાગે છે તેનાથી આત્માથી પર જે પુદ્ગલાદિનો સ્વભાવ તે દૂર જાય છે. તે મહાત્મા કદાપિ ક્ષય ન પામે એવાં શાશ્વતા જ્ઞાન, દર્શન અને ચારિત્રે કરીને આનંદથી ભરપૂર પરમાત્મારૂપ થઇને હંમેશ જ્ઞાનથી જાગતો રહે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાશ્વત સુખના ધામ મોક્ષ પ્રાપ્ત કરાવનાર જીવાત્માની

# " આઠ દષ્ટિઓ "

મુનિશ્રી હરિભદ્રસાગરજી મ. સા. (સુથરીતીર્થ–કચ્છ)

સમુદ્ર જેમ જળનો આધાર છે, તેમ ત્રિલોકના જીવોના કલ્યાણ માટે શ્રી જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપેલ જૈનધર્મજ આધારરૂપ છે. જેથી ચિન્તામણી રત્ન–કામધેનુને કલ્પવૃક્ષ પોતાને વશ થાય છે. અને અનંત અવ્યાબાધ એવું મુકિત સુખ–મુક્તિનિલય પ્રાપ્ત થાય છે. એવા શાશ્વતને નિશંક જૈન ધર્મને આરાધી હે ભવ્ય-આત્મનો.... શીઘ્ર અનંત દુઃખ ભંડાર સંસાર સાગરમાંથી પાર થઇ મુકિતરમણી વરો....ધર્મ આચરી જલ્દી સુખી થવા માટે શાસ્ત્રકારો જીવને કેવી દષ્ટિ હોય તો એ કેવો ગણાય એ માટે આઠ દષ્ટિ બતાવી ગયા છે....

(૧) મિત્રાદષ્ટિ વાળાને તૃણના અગ્નિ સમાન બહુ અલ્પબોધ હોય છે, અહિંસાદિ પાંચયમની પ્રાપ્તિ શુભ કાર્યમાં ખેદરહિત પ્રવૃત્તિ ભાવાચાર્યની સેવા વિગેરે ક્રિયાવાળો હોય છે અને મિથ્યાત્વની સ્થિતિ તથા રસમંદ હોય છે...

(૨) મિત્રા કરતા તારા દષ્ટિવાળાને મિથ્યાત્વ વધારે મંદ હોય છે, તેથી તેનો બોધ છાણાના અગ્નિની જેમ ધીરે ધીરે વધતો જાય છે. તે શૌચ–સંતોષ–તપ પરમાત્મ પ્રણિધાન–અષ્ટાંગ યોગની કથામાં પ્રીતિ અને ગુણીજનનો વિનય વગેરે ક્રિયા કરનાર હોય છે.

(૩) બલાદષ્ટિવાલાને તારાદષ્ટિ કરતાં મિથ્યાત્વ વિશેષ મંદતા હોય છે, તેથી તેનો બોધ કાષ્ટની અગ્નિ સમાન હોય છે, તે તત્વશ્રવણ કરવામાં અત્યંત પ્રીતિયુક્ત ચપળ પરિણામ રહિત હોય છે અને પર્યંકાસનાદિ વડે યોગની સર્વ ક્રિયા કરે છે.

(૪) દીપ્તા દષ્ટિવાળાને મિથ્યાત્વ મંદતમ હોય છે, તેને સૂક્ષ્મબોધ હોતો નથી પરન્તુ તે સંસાર પર વિરક્તતા–ભવાભિનંદીપણાનો ત્યાગ તથા ગુરૂભક્તિ કરનારો, પાપવૃત્તિથી નિવૃત્તિ પામનારો, અને નય–નિક્ષેપ–પ્રમાણ તથા સપ્તભંગી પૂર્વક પદાર્થોને–જાણનારો હોય છે, તેને યથાપ્રવૃત્તિ કરણાદિ કરણ વિના સમ્યકત્વની પ્રાપ્તિ હોતી નથી તેનો બોધ પ્રદીપની પ્રભા સમાન હોય છે.

(૫) થિરા દષ્ટિવાળાને સમ્યગ્દર્શન નિત્ય હોય છે તેને બોધ રત્નની પ્રભા સમાન હોય છે. તે ભ્રાન્તિ રહિત સૂક્ષ્મ બોધયુક્ત પંચેન્દ્રિયના વિષયમાં અનાસક્ત હોય છે અને સંસારના સર્વ ભાવોને ઉપાધિરૂપ ગણી તત્વજ્ઞાનને જ સારરૂપ ગણે છે, વળી સમ્યક્ત્વમાં સ્થિર ચિત્તવાળો–રોગ-રહિત-લઘુનીતિ–વડીનીતિ–અલ્પ–મધુર કંઠવાળો સુંદર આકારવંત–અનિષ્ઠૂર તેમજ ધર્મધ્યાનને પુષ્ટ કરવા મૈત્રી આદિ ભાવના યુક્ત હોય છે.

(૬) કાન્તા દષ્ટિવાળા પ્રાણીનો બોધ તારાના પ્રકાશસમાન હોય છે, એટલે જેમ તારાનો કોઇપણ વખતે અભાવ નથી તેમ તે દષ્ટિવાળાને જ્ઞાનનો કયારેય અભાવ હોય જ નહિં તે હંમેશા તત્વજ્ઞાનની વિચારણા યુકત સંસારમાં રહ્યો હતો છતાં પણ તેના પર આસક્તિ રહિત–અર્હંત્ પ્રણીત ધર્મને વિષે નિબિડ રાગવાળો અને આત્મ·



For Private And Personal Use Only

બોધ થયેલ હોવાથી સંસારથી ભયભીત થતો રહે છે.

(૭) પ્રભા દૃષ્ટિવાળા જીવનો બોધ સૂર્યની પ્રચંડપ્રભા જેવો હોય છે. જેમ સૂર્યના પ્રકાશથી ઘોર અંધકારનો નાશ થાય છે તેમ આ દૃષ્ટિવાળા જીવનો અજ્ઞાનરૂપ અંધકાર નષ્ટ થાય છે. તે વિશેષે કરીને ધર્મધ્યાનમાંજ રાચેલ હોય છે અને બાહ્ય તથા અભ્યંતર રોગ રહિત પ્રવર ધ્યાનથી ઉત્પન્ન પરમાનંદ સુખને અનુભવનારો હોય છે.

(૮) પરા દૃષ્ટિવાળાનો બોધ ચંદ્રના નિર્મલ શાંત પ્રકાશ સમાન હોય છે. નિરતિચાર પદમાં પ્રવર્તમાન-આત્મવીર્યોલ્લાસે શ્રેણ્યારૂઢ-દરેક ક્રિયા આત્મગુણને પુષ્ટ કરનાર હોય તેજ કરે છે. અને અનુક્રમે અપૂર્વકરણાદિ ગુણસ્થાનને પામી પ્રાન્તે અમુલખ કેવલજ્ઞાનને કેવલદર્શનને પામી અનેક ભવ્ય જીવોને ઉપદેશ આપી સન્માર્ગે વાળી શાશ્વત સુખના અખંડ ધામ એવા મુક્તિનિલય-મોક્ષમાં પધારે છે.

ઉપરોક્ત આઠ દૃષ્ટિવાળો જીવ અનુક્રમે આઠમીદૃષ્ટિ પ્રાપ્ત કરી તારકશ્રી જિનેશ્વર ભગવંતોની અનુપમ આજ્ઞાપ્રમાણે વર્તી અપારને અનંત દુઃખોથી ભરપૂર સંસારસાગરમાંથી-ભવાટવીથી પાર થઈને મુક્તિ રમણીનો ભોકતા થાય છે, સિદ્ધ શિલાપર સદાને માટે અખંડ આનંદ ભોગવતા વસ્યા કરે છે.




## પ્રગટ થઈ ચૂકેલ છે

**સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ લો તથા શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ જો**
જેની મર્યાદિત નકલો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી છે. અને તે બન્ને ભાગો મૂળ કીંમતે આપવાના છે.

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧** (પૃષ્ઠ સંખ્યા-૨૨૪) કીંમત રૂપિયા પંદર.
**શ્રી સુમાતનાથ ચરિત્ર ભાગ-૨** જો (પૃષ્ઠ સંખ્યા-૪૪૦) કીંમત રૂપીઆ પાંત્રીશ.
તો બન્ને ભાગો એકી સાથે મંગાવી લેવા વિનંતી છે.

:- સ્થળ -:
**શ્રી જૈન આત્માનંદ સભા**
ઠે. ખારગેટ : **ભાવનગર** : (સૌરાષ્ટ્ર)

**તા. ક.** : બહાર ગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ અલગ આપવાનો રહેશે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈનધર્મની બાળપોથી

( ક્રમાંક-૪ )

લેખક : પંન્યાસ પૂર્ણાનન્દવિજય ( કુમારશ્રમણ ) મલાડ-મુંબઈ

જૈન શાસનમાં, અહિંસા-સંયમ અને તપને ધર્મની સંજ્ઞા આપવામાં આવી છે પણ 'સ્યાદ્વાદ' ને ધર્મ કહ્યો નથી. તેમ છતાં પરમદયાલુ પરમાત્મા શ્રી મહાવીરસ્વામીને 'સ્યાદ્વાદી-અનેકાંતવાદીના વિશેષણો લગાડવામાં આવે છે. જ્યારે બીજા તીર્થંકરોને ત વિશેષણો પ્રાય: કરી જોવા મળતા નથી. ઋષભદેવનો સમય ભદ્રિક અને સરળ પરિણામી હોવાથી ધર્મના નામે ખાસ કંઈ વાદ કે વિવાદ હતો નહિં. વચ્ચેના બાવીશ તીર્થંકરોનો જમાનો પણ વાદ વિવાદથી દૂર હતો. માન્યું કે, તે સમય દરમ્યાન માસાહારનું જોર વધ્યું હશે. તો પણ પછીથી થનારા તીર્થંકરના કારણે તે જોર વધારે ચાલ્યું નથી. જ્યારે પાર્શ્વનાથ-પ્રભુના નિર્વાણ પછી, અહિંસા અને હિંસા, સંયમ અને દુરાચાર, તથા તપ અને ભોગલાલસાને માટે ખેંચતાણ થઇ અને માનવોના પંડિતોના, મહાપંડિતોના હૃદય કલુષિત થયા. તેમાં કોઈ શાસ્ત્રોના નામે, ક્રિયાકાંડોના નામે, પોતાની મંડળીના નામે, તથા પોતાના ગુરૂના નામે પણ પક્ષપાતી બન્યા. પક્ષપાતનો અર્થ જ '**पक्षाणां पात:**' થાય છે. આકાશમાં ઉડનારા પંખીઓના પાંખ કપાઇ ગયા પછી તેમનું દ્રવ્ય અને ભાવ મરણ લગભગ નિશ્ચિત છે. તેવી રીતે કોઇપણ સિદ્ધાન્ત, ચર્ચા, કે વાત, અજ્ઞાન-મોહ-સ્વાર્થ અથવા પંડિતાઇના વ્યામોહમાં ફસાઈ જાય છે. ત્યારે સૌ સૌના તર્કો જૂદા, વિતંડાવાદો જૂદા, મોક્ષની કલ્પનાઓ જૂદી. ઇશ્વર પણ જૂદા, છેવટે માનવ અને માનવતાથી બીજો માનવ જૂદો, હજારો માઇલ જૂદો થઈ જાય છે. અને આ જૂદાઇ એટલી બધી તાકાતવર બને છે. જેનાં કારણે પોતાના માન્ય દેવોમાં, શાસ્ત્રોમાં સ્મૃતિઓમાં અને પુરાણોમાં પણ માંસાહાર, શરાબપાનની કલ્પનાના શ્લોકો-વેદમંત્રો, કથાનકોનો પ્રવેશ સુલભ બની જાય છે. સંસ્કૃત શ્લોકમાં લખાયેલી તે વાત જ્યારે શાસ્રીય બને છે. ત્યારે પોતાના માનેલા શાસ્ત્રોની આડે આવવા વાળાઓને બધી રીતે બેહાલ કર્યા વિના ચાલતું નથી.

તેવીશમાં પાર્શ્વનાથ પ્રભુના સમયમાંજ, વેદવિહિત માંસાહારના પાકા હિમાયતી, તથા મન-વચન અને કાયાથી પાકા ત્યાગી. આવી રીતે ક્ષત્રિયોમાં બે ભેદ પડી ચૂક્યાં હતાં જે સમય જતાં સામે સામે પણ થઈ જતા હતાં. માંસાહારી ક્ષત્રિઓને બ્રાહ્મણપંડિતોએ પોતાના પક્ષમાં લીધા અને માંસાહાર-શરાબપાન-પરસ્રીગમન-વેશ્યાગમન તેમજ ગુલામી પ્રથાના માધ્યમથી ગુપ્ત વ્યભિચારે મર્યાદા છોડી દીધી હતી.

પક્ષાન્તરો જ્યારે વધી પડે છે, ત્યારે જીવ-હિંસા માટેના પ્રકારો પણ વધવા પામે છે. પરિણામે કલ્પિતદેવ-દેવીઓના સામે અગણિત પશુઓનું બલિદાન થયા વિના રહેતું નથી. તેનો પ્રાણ પ્યારો મિત્ર શરાબપાન છે અને તેનો લંગોટિઓ મિત્ર વ્યભિચાર-દુરાચાર હોવાથી તે સમયે સૌના દિલ અને દિમાગ તે પાપ કર્મોથી વ્યાપ્ત બની ચૂકયા હતાં

જીવનના અણુ અણુમાં પ્રવિષ્ટ પાપાચરણોને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પશુ બલિ દેખાવે કરવાની ફરજ પડે છે, ત્યારેજ–માંસાહારાદિ ત્યાજય છે કે સ્વીકાર્ય ? આની ચર્ચા કોઇને પણ કરવાનો સમય નથી કેમકે, તે સમયે ગરીબથી લઇને રાજમહેલ સુધી અને નિરક્ષરથી લઇને મહાપંડિતોના ઘર સુધી તે દોષો વ્યાપક હતાં. ત્યારે ધર્મના ઓઠા નીચે 'જીવ છે ? ઈશ્વર છે ? ક્રિયાવાદ છે ? અક્રિયાવાદ છે ? જીવ હશે તો નિત્ય હશે કે ક્ષણિક ? ક્યા રહેતો હશે ?' ઇત્યાદિ પરોક્ષ તત્વોની જ ચર્ચા થતી હતી, તેમાં રાજાઓ ન્યાયાધીશ બનતાં, અને ડંડાડંડીમાં ચર્ચાની સમાપ્તિ થતી હતી.

ચર્ચા એ ચર્ચા જ હોય છે, પછી તેને મર્યાદા રહેતી નથી. આ કારણે જ જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષને માનવાવાળા ક્રિયાવાદીઓની સંખ્યા ૧૮૦ ની હતી. તેમના સૌના મઠ જૂદા આચાર્યો જૂદા ભગતડાઓ જૂદા ભગતાણીઓ જૂદી અને અનુયાયીઓ પણ જૂદા હતાં, અવસર આવ્યે એક બીજાના માથા ફોડવા માટે તૈયાર, કદાચ મરી જાય તો પણ સ્નાનસૂતક વિના નાહતો તેમ છતાં આશ્ચર્ય પમાડે તેવી વાત આ છે કે તેમની સૌની જીભ ઉપર "जीवा जीवा पुण्ण" ની ગાથા રમ્યા કરતી હતી.

આવા પ્રકારના વાદોમાંથી અક્રિયાવાદીઓનો જન્મ થાય તે માની શકાય તેવી હકિકત છે, આ વાદીઓ ક્રિયાવાદીઓથી સર્વથા જૂદા ન હતા થોડા સમય સુધી બન્નેના વાક્કલહના અભિશાપ ભારતભૂમિ પર અજ્ઞાનવાદીઓનો જન્મ થયો. તેમના મઠાધીશો ડંકાની ચોટ સાથે કહેતા હતા. કે, "જીવ નથી, ઈશ્વર નથી, પાપ પુણ્ય નથી, ધર્મ અને–ધર્મના સિદ્ધાન્તોને માનવાનો અર્થ કંઇ પણ નથી કેમ કે–પોતાની જાતને પંડિત-મહાપંડિત માનનારા ધુરંધર ક્રિયાવાદી અને અક્રિયાવાદી–આખલાની જેમ પરસ્પર લડી રહ્યા છે, માટે ખાઓ પીઓ અને લહેર કરો નરક સ્વર્ગ તો ઠંડા પહોરના ગપ્પા છે"....અને પાપાચરણ સાર્વત્રિક બન્યો, બેમર્યાદ બન્યો, સંસારની–મહાનશક્તિ–જગદમ્બા, સ્વરૂપ સ્ત્રી, કેવળ પુરૂષોની વાસના તૃપ્તિનું રમકડું બનવા પામી અને હરિજનોની દશા અકથનીય બની

ઉપર પ્રમાણેની ભારત દેશની પરિસ્થિતિ, પાર્શ્વનાથ પ્રભુના નિર્વાણ પછી જેમ જેમ સમય આગળ વધતો ગયો. તેમ તેમ આગળ વધતી ગઇ, વૃદ્ધિ પામતી ગઈ અને દેશની આન્તર શક્તિને પાયમાલ કરતી ગઇ છે. જે ચોવીશમાં તીર્થંકર મહાવીરસ્વામીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય ત્યાં સુધી કાયમ રહી છે.

ભારતદેશની આધ્યાત્મિકતાને કરાવનારી પરિસ્થિતિમાં. જ્યારે ત્રિશલારાણીએ ૧૪ સ્વપ્ના જોયા, વર્ધમાનકુમાર જન્મ્યા અને ઈન્દ્રો તથા કરોડોની સંખ્યામાં દેવોએ તેમનો જન્મ ભિષેક કર્યો, ત્યારે અહિંસક સમાજને ખૂબ જ આનન્દ થયો, સાથો સાથ વિશ્વાસ થયો કે હવે કંઇક યજ્ઞકુંડો ઠંડા પડશે. મૂકપશુઓ અભયદાન મેળવશે, અને સ્ત્રી શક્તિનો સર્વાંગીણ અભ્યુદય થશે. ૩૦ વર્ષની ભર જુવાની અવસ્થામાં ગૃહસ્થાશ્રમની માયાને ત્યાગી સંયમ સ્વીકાર્યો ૧૨॥ વર્ષના સર્વથા અજોડ તપશ્ચર્યારૂપી અગ્નિમાં કર્મકાષ્ઠો બાળીને ખાખ કર્યા. અને કેવળજ્ઞાન તથા તીર્થંકરપદના માલિક બન્યા. ઇન્દ્રો અને દેવો આવ્યા કેવળજ્ઞાનનો મહોત્સવ કરીને સમવસરણની રચના કરી તેમાં બિરાજમાન થઇને પ્રભુએ દેશના આપી

જે સમયે અને જે કાળે, ૩૬૩ની સંખ્યામાં મતમતાન્તરો હતાં, ધર્મના નામે હિંસા, વૈકુઠના નામે ભાંગ–ગાંજો અને શરાબમાં સાહાસાદિના અખાડાઓ વિદ્યમાન હતાં. તાંત્રિકોનું જોર વધી ગયેલું હતું. તેવા કપરા સમયે ભગવાને સ્યાદ્વાદની ભાષાનો આશ્રય લીધો. ઈન્દ્રભૂતિ આદિ ૧૧ મહાંપંડિતોને તેમના માન્ય વેદદ્વારા જ શંકા રહિત કર્યા અને ગણધર પદથી વિભૂષિત બનાવ્યા, ગર્વિષ્ઠ અને તત્વજ્ઞાનથી વ્યામોહિત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થયેલા બીજા પણ પંડિતોને સમજુતિ આપતા કહ્યું કે, પ્રત્યક્ષ સંસારમાં તર્કો અને વિતંડાવાદોની આવશ્યકતા નથી. પણ સમાધાન બુદ્ધિનો ઉપયોગ કરવો હિતાવહ છે. અન્યથા પરસ્પર વૈર-ઝેર વિરોધ સિવાય ભાગ્યમાં બીજુ કાંઈપણ રહેવાનું નથી. જે તમારી પંડિતાઇ માટે અભિશાપ છે.

તમે પદાર્થને નિત્ય કહો છો, બીજો ક્ષણિક કહે છે. પરન્તુ આ જ વાતને તમે એક બીજાની અપેક્ષાનો ખ્યાલ રાખીને કહો છો કે, દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ અમારી વાત પણ સાચી છે અને તમારી વાત પણ સાચી છે, ત્યારે જ તમારા વેદોમાં, ઉપનિષદમાં સ્થાપિત કરેલા અહિંસાદિ તત્ત્વોની સાર્થકતા ફળીભૂત થશે. પંડિતરાજો! ધર્મનાસૂત્રો અને તર્કના સૂત્રોને ઘણીવાર બારમો ચન્દ્ર પણ હોઈ શકે છે, માટે સર્વત્ર તર્કની સૂક્તિઓને જોવા કરતાં, માનવતાનો ખ્યાલ કરીને સમાધાનનો માર્ગ સ્વીકારવો જોઇએ

ધર્મની આરાધનાઓ, ટીલાટપકાઓ, જનોઇઓનું પરિધાન કે ત્રિવેદીનું ફળ વિસંવાદ હોય તો જાણવું જોઇએ કે, ધર્મ અને તેની આરાધનાને તમે જાણી શકયા જ નથી કેવળ તમારૂં અહંપોષણ થાય તે માટે તર્કની પંક્તિઓને રટયા કરો છો

પંડિતો સમજ્યા, રાજાઓ સમજ્યા. અને હજારોની સંખ્યામાં તેઓ નતમસ્તક થઇને મહાવીરસ્વામીનું શરણ સ્વીકાર્યું છે.

મુનિઓને સંબોધિત કરતાં કહ્યું કે જૈનશાસનનું મૂળ ભાષાસમિતિ છે. તેમાં સમિતત્વ પ્રવેશ કરાવવા માટે સ્યાદ્વાદી ભાષા-અપનાવ્યા સિવાય બીજો માર્ગ નથી. ખૂબ સમજી લેજો કે, ઈર્યા એષણા આદાનનિક્ષેપ કે ઉત્સર્ગ સમિતિઓનું પાલન તો વ્યવહારને શુદ્ધ રાખવા માટે પણ કરી શકાય છે. જ્યારે ભાષા સમિતિને સ્યાદ્વાદી ભાષા સાથે જ સહિયારપણું હોવાથી, તમારા વ્યવહારમાં ભાષણમાં, લખાણમા, ઉપદેશમાં તેનો ખ્યાલ ચોક્કસ રાખજો. મારો એકેય સિદ્ધાન્ત સ્યાદ્વાદથી મુદ્રિત થયા વિનાનો નથી. માટે તેનુંમનન-ચિંતવન અને નિદિધ્યાસન કરીને તેની સંગતિ બેસાડવાનો પ્રયત્ન કરજો, પણ ઉતાવળમાં આવીને ધર્મનો, સમાજનો, મારા શાસનનો, સંઘનો, અને તમારા સ્વામીભાઈ તુલ્ય બીજા મુનિઓનો દ્રોહ થાય, તેમને વેરઝેરની બક્ષીસ મળે, તેવું કંઈપણ કરવું તે જૈનશાસનનો દ્રોહ છે. વધારામાં પ્રભુએ હ્યું કે....ધર્મ આંબાના ઝાડ તુલ્ય હોવાથી સૌને ઠંડક આપનારો છે. જ્યારે સંપ્રદાયવાદ કે ગચ્છવાદ માનવની બુદ્ધિમાં બગાડ કરીને સૌની સાથે લડાઇ કરાવશો, ધર્મથી માનવતા વધશે અને સંપ્રદાયથી તેમાં બગાડ થશે. ધર્મના કારણે માનવ, બીજા માનવ સાથે ભાઇબંધી અને મૈત્રીભાવથી જોડાય છે, જ્યારે સંપ્રદાયવાદ માનવ, માનવ વચ્ચે ઉંચનીચના ભેદ ઉભા કરીને મૈત્રીભાવનો દેવાલું કાઢનાર છે. માટે-અહિંસા-સંયમ અને તપ ધર્મ છે. તેમાં વિસંવાદ હોઇ શકે નહી. આનો ખ્યાલ રાખીને એકીકરણ કરવાનો ભાવ રાખશો તો તમારૂં ઉત્થાન થશે અને કેવળજ્ઞાનના માલિક બનવા પામશો.

આ પ્રમાણે કહીને પ્રભુ વિરામ પામ્યા.

**ચૈત્ર સુદિ ૧૩ ના દિવસે પ્રભુનું જન્મ** કલ્યાણક આવે છે. આપણે પણ કંઈક સમજીએ અને પ્રત્યેક પ્રશ્નોને સ્યાદ્વાદ તથા નયવાદથીઉકેલીએ.

શાસનદેવ સૌને સદ્બુદ્ધિ આપો.





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મન

મન એ એવું છે કે તે એક સેકંડ પણ નવરૂં રહી શકતું નથી. તેને સાનુકુળ પદાર્થો આપશો તો તે, તેના વિચારો કરશે અને જો પ્રતિકુળ પદાર્થો આપશો તો તે તેના વિચારોમાં મગ્ન બની જશે. પણ તે નવરૂં રહી શકશે નહિ. કોઈપણ મનનીય પદાર્થનું મનન તે અહોનિશ કર્યા જ કરે છે. માટે સદ્‌વિચારો ઉદ્‌ભવે તેવી પરિસ્થિતિમાં તેને લગાડવાથી તેમના દ્વારાજ આધ્યાત્મિક વિકાસના પથપર પ્રયાણ કરી શકાય છે.

વિશ્વમાં જે જ્ઞાન છે, તે જ્ઞેય પર આધારિત છે. જ્ઞેય એટલે જાણવા યોગ્ય પદાર્થો જે આ જગતમાં છે જ તે વસ્તુઓ પિછાનવામાં આત્માપ્રવર્તમાન છે, તેથીજ જ્ઞાનને અવકાશ છે. જો જ્ઞેય પદાર્થોની હૈયાતી આ સંસારમાં ન હોત તો આત્મામાં જાણવાની પ્રવૃતિ ન હોત અને તેથી જ્ઞાનનું અસ્તિત્વ પણ ન હોત જ્ઞાનનો અવકાશ તે જ્ઞેય પદાર્થો પર રહેલો છે, તેમ મનનો આધાર પણ વસ્તુના મનન ઉપર રહેલો છે. જ્ઞેય પદાર્થો ન હોત, તેજ પ્રમાણે મનન વસ્તુઓ ન હોત તો મન પણ ન હોત. મનન સિવાય, ચિંતન સિવાય, વિચાર સિવાય મન નામનો પદાર્થ લોકમાં રહી શક્તોજ નથી. ફકત તેરમું ગુણસ્થાનક જ એવું છે કે ત્યાં મનોવર્ગણાનાંપુદ્‌ગલોને ગ્રહણ કરીને દ્રવ્યમન પણે પરિણમાવવાનું હોવા છતાં તે ગુણસ્થાનક વર્તી સર્વજ્ઞ ભગવંતોને મનન કરવાં પણું નથી. અર્થાત્ સયોગી કેવળી તે સંકલ્પ-વિંકલ્પ રહિત જ છે અને તેથી જ તેઓને માત્ર એક સાતાવેદનીયકર્મનોજ બે સમય પૂરતોજ બંધ હોઈ, તેટલી સ્થિતિ પ્રમાણ બંધાતું તે કર્મ, ત્રીજે સમયે નિર્જરી જાય છે. આ પરમાત્માઓ તેથી જ તે ભવની પૂર્ણતાએ અવશ્ય મોક્ષગામી બને છે.

સંકલ્પ વિકલ્પરૂપ ભાવમન નહીં હોવા છતાં મનોવર્ગણાનાં પુદ્‌ગલોને પરિણમાવી દ્રવ્યમનના પ્રવર્તન-રૂપ મનોયોગતો તેરમા ગુણસ્થાને પણ છે. એટલે ત્યાં દ્રવ્યમન અને ઉપયોગનો સંબંધ છે. પરંતુ ચઉદમા ગુણસ્થાને તો આત્મા સર્વથા અયોગીજ બની રહે છે. કારણ કે ત્યાં તો દ્રવ્યમન પણ હોનું નથી. જેથી ત્યાં ઉપયોગ અને મનયોગનો સંબંધ સર્વદાને માટેછૂટી જાય છે. પરંતુ એવી મનના તદ્દન સંબંધ રહિત આત્મ-દશા તે અનુભવ ગમ્ય છે. આવી દશાની પ્રાપ્તિ હોવાનું તો સર્વજ્ઞ પુરુષોના વચનથી જાણી શકાય છે. માટે જ શ્રી આનંદઘનજી મહારાજે પ્રભુસ્તવનમાં કહ્યું છે કે :-

**મનડું દુરારાધ્ય તે વશઆણ્યું, તે આગમથી મતિ જાણું,**
**આનંદઘન પ્રભુ મ્હારૂં આણો, તો સાચું કરી જાણું,-હો કુંથુંજીન**

ચૌદમા ગુણસ્થાનકથી આત્મા, દ્રવ્ય અને ભાવ એ બન્ને પ્રકારના મનના સંબંધથી સર્વથા અને સદાને માટે છૂટી જાય છે. પછી સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરવા છતાં પણ તે **'આત્મા'** ઉપયોગ યુક્ત તો વર્તતોજ રહે છે.

લેખક **રતિલાલ માણેકચંદ શાહ** ( મિત્રભાનું )

દેવ દુર્લભ મળ્યો માનવી દેહ આ,
વિષયની વાટમાં કેમ ગાળે ?
અર્ક ગુલાબનો ખૂબ મોંઘો મળ્યો,
ઢોળતો કાં અરે કીચ ખાળે ?
રત્ન ચિંતામણિ હાર હાથે ચડયો.
કાચ બદલે અરે કાં ગુમાવે ?
આંખ ઉઘાડીને નિરખ તુ માનવી !
પ્રાપ્ત અવસર ફરી હાથ ના' વે.
—**પ્રફુલ જે. સાવલા**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## —: અમૂલ્ય પ્રકાશન :—

અનેક વરસોની મહેનત અને સંશોધનપૂર્વક પરમપૂજ્ય વિદ્વાન

**મુનિરાજશ્રી જંબુવિજયજી મહારાજના**

વરદ્હસ્તે સંપાદિત થયેલ અજોડ અને અમૂલ્ય ગ્રંથ

# 'દ્વાદશારં નયચક્રમ્ પ્રથમ અને દ્વિતીય ભાગ'

આ અમૂલ્ય ગ્રંથ જેમાં નયોનું અદ્‌ભુત વર્ણન છે તે દરેક સાધુ મુનિરાજો તથા સાધ્વીજી મહારાજ માટે અતિ ઉપયોગી ગ્રંથ છે. દરેક ગૃહસ્થોએ અને સમાજની દરેક લાયબ્રેરી માટે વસાવવા જોઈએ.

આ ગ્રંથ માટે પરમપૂજ્ય આચાર્યશ્રી **વિજયધર્મસૂરીશ્વરજી** મહારાજ જણાવે છે કે—

ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભાએ આ પુસ્તકનું પ્રકાશન કર્યું તે એક મોટા ગૌરવની વાત છે, જે વિદ્વાન મુનિ મહારાજો, સાધ્વીજી મહારાજો, તથા શ્રાવકો તેમજ શ્રાવિકાઓને જૈન દર્શનના અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

ભારતભરમાં અનેક જૈન સંસ્થાઓ છે. તેઓએ પ્રગટ કરેલા પુસ્તકોમાં આ 'દ્વાદશારં નયચક્રમ્'ને શ્રેષ્ઠ સ્થાને મૂકી શકાય તેમ છે. તે માટે શ્રી જૈન આત્માનંદ સભાને ધન્યવાદ ઘટે છે.

(કીંમત રૂા. ૪૦-૦૦ પોસ્ટ ખર્ચ અલગ)

---

બહાર પડી ચુકેલ છે **જિનદત્તકથાનકમ્** (અમારૂં નવું પ્રકાશન)

પ્રસ્તુત જિનદત્તકથાનક સંસ્કૃત ભાષાના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી એવો કથાગ્રંથ છે.

સ્વ. પૂજ્યપાદ આગમપ્રભાકર શ્રુત-શિલવારિધિ શ્રી પુણ્યવિજયજી મહારાજની ઈચ્છાનુસાર આ ગ્રંથ પ્રકાશન કરવામાં સફળ થતા ખુબ આનંદ અને સંતોષ અનુભવાય છે.

અમારી વિનંતિને ધ્યાનમાં લઈને પરમ પૂજ્ય સાધ્વીજી મહારાજશ્રી ઓંકારશ્રીજી મહારાજે આ ગ્રંથનું સંપાદન-સંશોધનનું કાર્ય કરી આપવાની કૃપા કરી છે.

આ કથાનકનો ગુજરાતી ભાષામાં પણ સંક્ષિપ્ત સાર આપવામાં આવ્યો છે. આ ગ્રંથ દરેક લાયબ્રેરીમાં વસાવવા યોગ્ય છે.

કિંમત રૂા. ૮-૦૦ (પોસ્ટ ખર્ચ અલગ)

લખો— **શ્રી જૈન આત્માનંદ સભા : ખારગેટ, ભાવનગર.**

For Private And Personal Use Only

# દરેક લાઈબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રીશષ્ટિ શલાકાપુરુષ ચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પૂર્વ ૩-૪ પુસ્તકાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| ત્રીશષ્ટિ શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૪૦-૦૦ |
| શ્રી નિર્વાણુ કેવલી ભક્તિ પ્રકરણ-મૂળ | ૧૦-૦૦ |
| જિનદત્તાઆખ્યાન | ૮-૦૦ |
| નવસ્મરણાદિ સ્તોત્ર સંન્દોહઃ | ૨-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૫-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨-૦૦ |
| શ્રી વીતરાગ મહાદેવ સ્તોત્રમ્ | ૧-૦૦ |
| આદર્શોપાધ્યાય | ૫-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | |
|---|---|
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૧૫-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ | ૩૫-૦૦ |
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૨૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૩-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૮-૦૦ |
| શ્રી કાવ્યસુધાકર | ૮-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૧૪-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૩-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે.સ્વ. પૂ. આ. શ્રી વિ. કસ્તુરસૂરીશ્વરજી | ૨૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૩-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| ચાર સાધન | ૩-૦૦ |
| પૂ. આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક : પાકુ બાઇન્ડીંગ | ૮-૦૦ |
| ધર્મબિન્દુ ગ્રંથ | ૧૦-૦૦ |
| સૂક્ત રત્નાવલી | ૦-૫૦ |
| સૂક્ત મુક્તાવલી | ૦-૫૦ |
| જૈન દર્શન મીમાંસા | ૩-૦૦ |
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૬-૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૧-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૧-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૧-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૩-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૧૦-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૧-૦૦ |
| આત્મવિશુદ્ધિ | ૩-૦૦ |
| નવપદજીની પૂજા | ૩-૦૦ |
| આચારોપદેશ | ૩-૦૦ |
| ગુરુભક્તિ ગહુંલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું ને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઇટ, ભાવનગર (સૌરાષ્ટ્ર)

પોસ્ટેજ અલગ

તંત્રી : શ્રી પોપટભાઇ રવજીભાઇ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only